## પૂરક નોંધ

## તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૩૮૦

- સામૂહિક વનીકરણ યોજના ૧૯૬૯-૭૦થી શરૂ થઇ.
- સંપૂર્ણ રાજ્ય સરકારની સ્કીમ છે.
- સામૂહિક વનીકરણ હેઠળ ઉગાડેલ વૃક્ષો ૮ વર્ષ પછી કાપી શકાય.
- રોપાની જાળવણી ચાર વર્ષ માટે કરવાની હોય છે.
- ગુજરાતના જંગલોમાં ૨૯૨ પ્રકારના વૃક્ષોની જાતો જોવા મળે છે.
- રાજ્ય દર ચાર વર્ષે વૃક્ષોની ગણતરી કરાવે છે.
- ભારત સરકાર દર બે વર્ષે ફોરેસ્ટ સર્વે કરાવે છે.
- રાષ્ટ્રિય કક્ષાએ ૩૩ % જંગલ હોવું જોઇએ,તેની સામે ભારતમાં ૨૧.૫૪ % જંગલ છે. ગુજરાતમાં ૧૧.૦૪ % જંગલ છે. (ગુજરાતમાં ૩૩ % પ્રમાણે ૬૪,૭૬૦ ચો.કિ.મી. જંગલ હોવું જોઇએ. તેની સામે ૧૧ % પ્રમાણે ૨૧,૬૪૭ ચો.કિ.મી. જંગલ છે.)
- રાજ્યમાં ૨૦૦૩ માં વૃક્ષોની સંખ્યા ૨૫.૧૦ કરોડ , ૨૦૨૧ માં ૩૯.૭૫ કરોડ. એટલે કે ૫૮.૩૭ % જેટલો વધારો.
- ફોરેસ્ટ સર્વે ઓફ ઇન્ડિયાના વર્ષ ૨૦૧૭ ના અહેવાલ મુજબ ગુજરાતમાં ૨૦૧૭ માં વૃક્ષ આચ્છાદિત વિસ્તાર ( વન વિસ્તાર અને વન વિસ્તાર બહાર ) --૧૪,૭૫૭ ચો.કિ.મી. હતો. હવે ૨૦૧૯ ના અહેવાલ પ્રમાણે આ વિસ્તાર- ૧૪,૮૫૭ ચો.કિ.મી. છે . એટલે ૧૦૦ ચો.કિ.મી. જેટલો વધારો થયેલ છે.
- ફોરેસ્ટ સર્વે ઓફ ઇન્ડિયાના વર્ષ ૨૦૨૧ ના અહેવાલ મુજબ ગુજરાતમાં ૨૦૧૯ માં વૃક્ષ આચ્છાદિત વિસ્તાર ( વન વિસ્તાર અને વન વિસ્તાર બહાર ) -૧૪,૮૫૭ ચો.કિ.મી. હતો.

હવે ૨૦૨૧ ના અહેવાલ પ્રમાણે આ વિસ્તાર- ૧૪,૯૨૬ ચો.કિ.મી છે . એટલે ૬૯ ચો.કિ.મી. જેટલો વધારો થયેલ છે.

- રોજમદારોને હાલમાં રૂા.૪૬૨ દૈનિક દરે ચૂકવણું કરાય છે. (શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા નક્કી કરાયેલ છે અને દર ૬ માસે રીવાઇઝ થાય છે.)
- મજદૂરોને કરાતુ ચૂકવણું ડાયરેક્ટ તેમના બેંક ખાતામાં જમા કરાવાય છે.
- જીવંત ટકાવારી – ૮૦ % થી વધુ હોય તો વાવેતર સારું કહેવાય.
  - **પટ્ટી વાવેતરમાં**– તાલુકા પંચાયતને ૫૦% રકમ, સરકારને ૫૦% રકમ મળે.
  - **ગ્રામ વન વાવેતરમાં**- ગ્રામ પંચાયતને ૭૫% રકમ, વન વિભાગને ૨૫% રકમ મળે.
  - બનાસકાંઠા જિલ્લામાં વૃક્ષ ગણતરી :

| વર્ષ | વૃક્ષોની સંખ્યા |
|---|---|
| ૨૦૧૭ | ૧૮૨.૨૩ લાખ |
| ૨૦૨૧ | ૨૦૮.૮૯ લાખમાં |

**વર્ષ ૨૦૧૭ ની સરખામણીએ વર્ષ ૨૦૨૧ ની ગણતરી પ્રમાણે વૃક્ષોની સંખ્યામાં ૩૦.૫૬ % જેટલો વધારો થયેલ છે.**

- પાલનપુર તાલુકામાં ૨૦૨૨-૨૩માં ૯ ગામોમાં કુલ ૧૩.૫૦ હેકટર જમીનમાં ૧૦૮૦૦ રોપાનુ વાવેતર.
- પાલનપુર તાલુકામાં ૨૦૨૩-૨૪માં તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ૧૧ ગામોમાં ૪૩ હેકટર જમીનમાં ૪૪૯૧૧ રોપાનુ વાવેતર.
- બનાસકાંઠા જિલ્લામાં ૨૦૨૨-૨૩માં ૫૪૯ હેકટર જમીનમાં ૫.૧૩ લાખ રોપાનુ વાવેતર.
- બનાસકાંઠા જિલ્લામાં ૨૦૨૩-૨૪માં તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ૫૫૬ હેકટર જમીનમાં ૫. ૨૭ લાખ રોપાનુ વાવેતર.

- બનાસકાંઠા જિલ્લામાં સામાજિક વનીકરણની કુલ નર્સરી ૧૯ અને ૨૦૨૨-૨૩ માં ૩૭.૬૬ લાખ અને ૨૦૨૩-૨૪માં તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ ૩૮.૧૬ લાખ રોપા ઉછેર્યા.
- બનાસકાંઠા જિલ્લાનો વર્ષ ૨૦૨૨-૨૩નો લક્ષ્યાંક ૫૪૯ હેક્ટર છે. તેની સામે સિદ્ધિ ૫૪૯ હેક્ટર ૧૦૦.૦૦% સિદ્ધિ અને ૨૦૨૩-૨૪માં તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ નો લક્ષ્યાંક ૫૫૬ હેક્ટર છે. તેની સામે સિદ્ધિ ૫૫૬ હેક્ટર ૧૦૦.૦૦ % સિદ્ધિ.
- બનાસકાંઠા જિલ્લાનો ફોરેસ્ટ વિસ્તાર ૧૦૪૦૦.૧૦ ચો.કિ.મી.
- પાલનપુર તાલુકાનો ફોરેસ્ટ વિસ્તાર ૭૮૮.૯૮ ચો.કિ.મી.
- બનાસકાંઠા જિલ્લામાં સામાજિક વનીકરણ હેઠળનો ફોરેસ્ટ વિસ્તાર ૧૧૮.૦૩ ચો.કિ.મી.
- ખેડૂતોને આપવામાં આવતા રોપા- અરડુસા, નીલગીરી, ચંદન, મલબારી લીમડા, લીમડા, લીંબુ, સીતાફળ, અને આંબા વિગેરે જાતના રોપા રોપવામાં આવેલ વગેરે.
- થોરની વાડ કરવાનો પ્રતિ રનીંગ મીટર દર- રૂા. ૩૩.૮૫
- બનાસકાંઠા જિલ્લામાં બે વર્ષની રોપા વિતરણના લાભાર્થીની સંખ્યા ૧૧૯૯૦૯ વિતરણ કરેલ રોપાની સંખ્યા ૧૨૩.૧૦ લાખ
- પાલનપુર તાલુકામાં બે વર્ષની રોપા વિતરણના લાભાર્થીની સંખ્યા- ૧૦૩૬૦ વિતરણ કરેલ રોપાની સંખ્યા ૧૨.૪૩ લાખ

**સામુહિક વન નિર્માણ યોજના વિશે જાણકારી**

– સામુહિક વન નિર્માણ યોજનાનો મુખ્ય હેતુ બિન વન વિસ્તારમાં વૃક્ષોનું આવરણ અને સંખ્યા વધારવાનું છે. જેથી એક બાજુ સમાજને આવક અને રોજગારીની તકો વધે. વૃક્ષ આધારિત ઉદ્યોગોને કાચો માલ મળી શકે તથા બીજી બાજુ પર્યાવરણીય અને પરિસરિય વિકાસ થાય. આમ સામાજીક વનીકરણ યોજનાથી ટકાઉ વિકાસની ત્રણે સામાજીક વનીકરણ યોજના હેઠળ લોકોને બળતણ અને નાના ઇમારતી લાકડાની જરૂરિયાત તેમજ વૃક્ષ ઉત્પાદનથી લોકોને સહાયક રોજી અને આવક મળે તે હેતુથી યોજના અમલમાં છે. આ યોજના હેઠળ પટ્ટી વાવેતર, ગ્રામવન, જમીન વિહોણા ખેતમજુરોની ભાગીદારીથી ફળાઉ વૃક્ષો વાવવા અને વન નિર્માણ હેઠળ વૃક્ષારોપણનું કાર્ય કરવાનું છે. સાથો સાથ વન મહોત્સવ અને વિકેન્દ્રિત નર્સરી અંતર્ગત વિભિન્ન ઉપયોગ રોપાઓ (જેવા કે, ફળાઉ ઔષધિયુક્ત, સુશોભન અને નાના ઇમારતી લાકડા) ઉછેરીને લોકોને વિતરણ તેમજ ઉર્જા બચાવના વૈકલ્પિક સાધનોનીવહેંચણી કરવામાં આવે છે

– **સામૂહિક વન નિર્માણ યોજનાના હેતુઓ**

– વૃક્ષ આચ્છાદિત હરિયાળુ કવર ઉભુ કરી કાર્બન સંયમ સાથે રાજ્ય માટે ટકાઉ વિકાસનો આધાર ઉભો કરવો

– ખેડુતો, લોકો તથા વિવિધ સંસ્થાઓને વનીકરણની પ્રવૃત્તિ માટે સંગઠીત કરી લાભ લેવા પ્રોત્સાહિત કરવા

– વન પેદાશો (ઇમારતી લાકડુ, જલાઉ લાકડુ, ઘાસચારો, ફળો તથા અન્ય ગૌણ વન પેદાશો)માં વધારો કરવો જેથી લોકોને તેમની જરૂરીયાત સરળતાથી મળી રહે.

– ગ્રામીણ ગરીબ લોકો માટે રોજીની તકો વધારવી.

– ફાજલ પડેલ સરકારી, સહકારી, સંસ્થાકીય તેમજ ખાનગી જમીન પર વૃક્ષાવરણ વધારવું.

– રાજયની પર્યાવરણીય અને જૈવીક વૈવિધ્યતાની સુરક્ષા અને સંવર્ધન કરવું.

**નર્સરીમાં પોલિથીન બેગની સાઈઝ પ્રમાણે રોપા ઉછેરવાના દર નીચે મુજબ છે.**

| પોલિથીન બેગની સાઈઝ | | પ્રતિ રોપા ઉછેરનો દર |
|---|---|---|
| ૧૦ સે.મી. પહોળાઇ X ૨૦ સે.મી. લંબાઇ | – | રૂ. ૫.૭૬ |
| ૧૫ સે.મી. પહોળાઇ X ૨૫ સે.મી. લંબાઇ | – | રૂ. ૧૧.૬૮ |
| ૨૦ સે.મી. પહોળાઇ X ૩૦ સે.મી. લંબાઇ | – | રૂ. ૨૨.૪૩ |
| ૩૦સે.મી. પહોળાઇX ૪૦સે.મી. લંબાઇ | – | રૂ. ૩૪.૨૪ |

**વાવેતર માટે ખાડાની સાઇઝ પ્રમાણે દર નીચે મુજબ છે.**

ખાડાનું માપ (સે.મી.)જમીનનો પ્રકાર પ્રતિ ખાડાનો દર

૩૦ સે.મી. લંબાઈ X ૩૦ સે.મી. પહોળાઇ X૩૦ સે.મી. ઊંડાઇ
(૧ ફુટ લંબાઈ X૧ ફુટ પહોળાઇ X૧ ફુટ ઊંડાઈ)

નરમ જમીન – રૂ. ૭.૪૦

કઠણ જમીન – રૂ. ૧૧.૦૫

૪૫ સે.મી. લંબાઈ X ૪૫ સે.મી. પહોળાઇ X૪૫ સે.મી. ઊંડાઇ
(૧.૫ ફુટ લંબાઈ X૧.૫ ફુટ પહોળાઇ X૧.૫ ફુટ ઊંડાઈ)

નરમ જમીન – રૂ. ૧૪.૯૫

કઠણ જમીન – રૂ. ૨૨.૦૫